ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૨૫.૦૫.૨૦૧૮**

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળની ભાજપા સરકારના સુશાસનના ૪ વર્ષની ભવ્ય ઉજવણી**

---------------

**ગુજરાત ભાજપા દ્વારા તા. ૨૭મી મે થી ૧૧મી જુન, ૨૦૧૮ દરમ્યાન ગુજરાતભરમાં વિવિધ કાર્યક્રમો**

---------------

**"સાફ નિયત - સહી વિકાસ"**
**ભાજપા સરકારની ૪ વર્ષની સિધ્ધિઓ અને ભારતની વિકાસગાથા જનજન સુધી પહોંચાડાશે**

---------------

**માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તા. ૨૭મી મે ના રોજ રાજકોટ ખાતે બુદ્ધિજીવી સંમેલન સંબોધશે તથા તા. ૨૮મી મે ના રોજ અમદાવાદ ખાતે બુથ સંપર્ક અભિયાનનો પ્રારંભ કરાવશે.**

---------------

**માન. પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી તા. ૨૭મી મે ના રોજ વડોદરા ખાતે બુદ્ધિજીવી સંમેલનને સંબોધશે તથા તા. ૨૮મી મે ના રોજ દાહોદ ખાતે બુથ સંપર્ક અભિયાનનો પ્રારંભ કરાવશે.**

---------------

**રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ તા. ૦૩ જૂને અમદાવાદ ખાતે બુદ્ધિજીવી સંમેલન સંબોધશે.**

---------------

**રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ડૉ. અનિલજી જૈનની ઉપસ્થિતિમાં તા. ૨૮મી મે ના રોજ વિવિધ સંગઠનાત્મક બેઠકો યોજાશે.**

---------------

આજ રોજ અમદાવાદ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ ઈલેક્ટ્રોનિક મીડીયાના મિત્રો સાથેના વાર્તાલાપ દરમ્યાન જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળની ભાજપા સરકારને આગામી તા. ૨૬મી મે, ૨૦૧૮ના રોજ પોતાના કાર્યકાળના સિધ્ધિઓથી જળહળતા ૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ૪ વર્ષના આ ટૂંકા સમયગાળામાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દિર્ઘદ્રષ્ટિ અને દ્રઢ ઈચ્છા શક્તિને લીધે ભારતના તમામ ક્ષેત્રોએ વિકાસની હરણફાળ ભરી છે. ભારતીય અર્થતંત્ર સમગ્ર વિશ્વનું સૌથી વધુ ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યું છે. જનધન યોજના, પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના, ઉજ્જવલા યોજના, ઉજાલા યોજના, ઈન્દ્રધનુષ યોજના, સ્વચ્છતા અભિયાન, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, મુદ્રા યોજના, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્ટેન્ડઅપ ઈન્ડિયા વગેરે જેવી અનેક યોજનાઓના સફળ અમલીકરણ દ્વારા સમાજના તમામ વર્ગો ભારતની વિકાસયાત્રામાં જોડાઈ પ્રગતિ અને સમૃદ્ધિના નવા શીખરો સર કરી રહ્યા છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૨૬મી મે, ૨૦૧૮ના રોજ ઓરીસ્સામાં આ પ્રસંગે જાહેરસભા સંબોધવાના છે તેમજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ તા. ૨૬મી મે, ૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે કેન્દ્રીય કાર્યાલયમાં પત્રકાર ગોષ્ઠીના માધ્યમથી સરકારની સિધ્ધિઓ, પાર્ટીની સંગઠનાત્મક યોજના તેમજ આગામી વર્ષોમાં પાર્ટીની ભૂમિકા તે વિષયો પર ચર્ચા કરશે.

ભાજપા દ્વારા તા. ૨૭મી મે થી ૧૧ મી જૂન, ૨૦૧૮ દરમ્યાન સમગ્ર દેશમાં આ ૪ વર્ષની ઉજવણીના આ કાર્યક્રમો યોજવામાં આવશે. જે અંતર્ગત ગુજરાત ભાજપા દ્વારા પણ આ સમયગાળા દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

૧. વિશેષ સંપર્ક અભિયાન
૨. બુધ્ધિજીવી સંમેલન
૩. વરિષ્ઠ નાગરીકો સાથે સંપર્ક
૪. પત્રકાર પરિષદ
૫. સ્વચ્છતા અભિયાન
૬. સમરસતા સંપર્ક
૭. ગ્રામ સભા
૮. લાભાર્થી સંમેલન
૯. બુથ સંપર્ક અભિયાન

...૨...

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



ઉપરોક્ત કાર્યક્રમોના માધ્યમથી ભાજપાના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકારની ૪ વર્ષની સિધ્ધિઓ અને ભારતની વિકાસગાથા જનજન સુધી પહોંચાડશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી આ કાર્યક્રમોના ભાગરૂપે તા. ૨૭ મી મે, ૨૦૧૮ એ રાજકોટ ખાતે બુદ્ધિજીવી સંમેલન ને સંબોધશે તથા ૨૮ મી મે, ૨૦૧૮ એ અમદાવાદના ખોખરા ખાતેથી બુથ સંપર્ક અભિયાનનો પ્રારંભ કરાવશે. પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી તા. ૨૭મી મે, ૨૦૧૮ એ વડોદરા ખાતે બુદ્ધિજીવી સંમેલન સંબોધશે તેમજ તા. ૨૮મી મે, ૨૦૧૮ એ દાહોદ ખાતે બુથ સંપર્ક અભિયાનમાં ભાગ લેશે. રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ તા. ૦૩ જુન, ૨૦૧૮ના રોજ અમદાવાદ ખાતે બુદ્ધિજીવી સંમેલનને સંબોધશે. તા. ૩૦ મી મે, ૨૦૧૮ ના રોજ રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ડૉ. અનિલજી જૈન ગુજરાતના તેમના પ્રવાસ અંતર્ગત વિવિધ સંગઠનાત્મક બેઠકોમાં ભાગ લેશે. કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમભાઈ રૂપાલાજી તા. ૨૮મી મે, ૨૦૧૮ સુરત ખાતે બુદ્ધિજીવી સંમેલન સંબોધશે. આ સિવાયના વિવિધ કાર્યક્રમોની માહિતી પણ સમયસર આપવામાં આવશે.

એક પ્રશ્નના જવાબમાં શ્રી વાઘાણીએ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ વિશે ફેલાયેલી અફવા બાબતે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, કેટલાક વિઘ્ન સંતોષી લોકો દ્વારા પાયાવિહોણી અને સત્યથી તદ્દન વેગડી વાતો મીડીયામાં ચોકકસ કારણસર ફેલાવવામાં આવી રહી છે. આવી તમામ બાબતો માત્રને માત્ર અફવા છે. શ્રી નીતિનભાઈ પટેલ ભાજપાના વરિષ્ઠ આગેવાન છે અને નાયબ મુખ્યમંત્રીશ્રી તરીકે સતત પ્રજાલક્ષી કાર્યો કરી રહ્યા છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, જળ અભિયાનનું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણતા તરફ આગળ વધી રહ્યું છે. ત્યારે લોકભાગીદારીનો આ નવો ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકભાગીદારીના કાર્યોની શરૂઆત કરી અને તે કાર્યને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની સરકારે સફળતાપૂર્વક આગળ વધાર્યું છે. હરીયાળી ધરતી બનાવવાનું કાર્ય પૂર્ણ થઈ રહ્યું છે ત્યારે તા. ૩૧મી મે, ૨૦૧૮ના રોજ અભિનંદન કાર્યક્રમ યોજાશે અને ગુજરાતની સુખાકારી તેમજ વરસાદને નિમંત્રણ આપવા માટે રાજ્યના તમામ જીલ્લાઓમાં પર્જન્ય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ સામુહિક યજ્ઞમાં ગુજરાતના સૌ કોઈ લોકો જોડાશે.

(ડૉ. હર્ષદ પટેલ)
**કન્વીનર-મીડીયા સેલ**